# ઊંઝા-સિદ્ધપુર હાઈવે પર દિલધડક લૂંટ : ભારે ચકચાર

ઊંઝા, તા. ૨૪

ઉત્તર ગુજરાતના ઊંઝા-સિદ્ધપુર વચ્ચે બ્રાહ્મણવાડા ગામ પાસે હાઈવે પર બંધ પડેલ એક ટ્રકની બંને સાઈડના કાચ તોડી અંદર ઘુસી જઈ ચારેક અજાણ્યા શખ્સોએ લાકડી તથા તીક્ષ્ણ હથિયાર વડે ટ્રકચાલક પર હૂમલો કરી તેમની પાસેથી રપિયા ત્રીસ હજારની રોકડ રકમ તથા એક મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૩૦૫૦૦ની કિંમતની મત્તાની દિલધડક લૂંટ ચલાવી ક્યાંક નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભારે ભયની લાગણી ફેલાઈ છે.

વિગત એવી છે કે રાજસ્થાનના મેઘપુર જિલ્લાના નાન્ડીયા ગામના ટ્રકચાલક રાજપૂત ભીમસિંગ આનંદસિંગ રાજસ્થાનમાંથી ટ્રકમાં ગાજર ભરીને અમદાવાદ જમાલપુર માર્કેટમાં વેચાણ કરવા ગયા હતા. બાદ અહીંથી ટ્રકમાં શાકભાજી ભરીને રાજસ્થાન જવા નીકળ્યા હતા ત્યારે માર્ગમાં રાત્રિના સમયે ઊંઝા-સિદ્ધપુર વચ્ચે બ્રાહ્મણવાડા ગામ નજીક ટ્રક બંધ પડતાં અત્રે રોકાયા હતા. દરમિયાન વહેલી સવારના સાડા ચાર વાગ્યાના સુમારે ૩૦થી ૩૫ વર્ષની વયના પેન્ટ શર્ટ પહેરેલ મોંઢે રૂમાલ અને માથે ગરમ ટોપી પહેરેલ ચારેક અજાણ્યા ઈસમોએ આવીને ટ્રકની બંને સાઈડના કાચ તોડી નાંખ્યા હતા અને ટ્રકમાં ઘુસી જઈ ટ્રકચાલકને લાકડી તથા ચપ્પાથી ઈજાઓ કરી રૂપિયા ૩૦ હજારની રોકડ રકમ તેમજ એક મોબાઈલ ફોન મળી કુલ ૩૦,૫૦૦ની મત્તાની આબાદ લૂંટ ચલાવી અંધારામાં ક્યાંક ફરાર થઈ ગયા હતા. ફોરલેન હાઈવે પર વહેલી સવારે ટ્રકચાલક લૂંટાયાની ઘટનાથી વાહનચાલકો સહિત આમ જનતામાં ભયની લાગણી ફેલાઈ હતી.

# મોડાસાની ડીએલએડ કોલેજમાં સ્વદેશી જાગરણ મંચ અંતર્ગત વક્તવ્ય યોજાયું

મોડાસા, તા. ૨૪

મોડાસા કોલેજ કેમ્પસમાં આવેલ ગો.વા.પ.ભ. મુરીબેન ખેમચંદદાસ શાહ (લાટીવાળા) ડી.એલ.એનડ. કોલેજ પોતાના શિક્ષણ અને શિક્ષણસહ સર્વાંગી વિકાસના કાર્યો કરે છે. કોલેજમાં અખિલ ભારતીય સંગઠક સ્વદેશી જાગરણ મંચના હરીયાણા, મધ્યપ્રદેશ અને હિમાચલના પૂર્વ પ્રચારક કશ્મિરીલાલજી પધાર્યા હતા. તેમની સાથે વિભાગ સંયોજક તથા જિલ્લા સંયોજક સાબરકાંઠાના ચૈતન્ય ભટ્ટ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરોક્ત બન્ને મહાનુભાવોએ કોલેજના પ્રશિક્ષણાર્થીઓ સમક્ષ સ્વદેશી શિક્ષણ અને ભારતીય શિક્ષણ અંતર્ગત ગુરુ-અધ્યાપક અંગે વિસ્તૃત માહિતી આપી હતી. જેમાં ચાણક્ય, રામનુજન, સ્વામી રામતીર્થ વિશે વિસ્તૃત ખ્યાલ રજૂ કરી પ્રશિક્ષણાર્થીઓમાં દેશભક્તિની ભાવના ઉભી થાય તેવું મનનીય વક્તવ્ય રજુ કર્યુ હતુ. કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરની નિશ્રામાં યોજાયેલ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતુ. સમગ્ર કોલેજ પરિવાર કાર્યક્રમમાં ઉત્સાહપુર્વક જોડાયો હતો.

# ભિલોડા ખાતે આંજણા - ચૌધરી સમાજની બેઠક યોજાઈ

ભિલોડા તા. ૨૪

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓના આંજણા ચૌધરી સમાજને વધુ સંગઠિત કરવાના શુભાશય સાથે છેલ્લા કેટલાક સમયથી સંગઠનની સક્રિય ભૂમિકા અદા કરી રહેલા મોટા કોટડાના સમાજ ચિંતક કેશુભાઈ પી.પટેલ દ્વારા આજરોજ શનિવારે ભિલોડા ખાતે બંને જિલ્લાઓના શુભ ચિંતકોની એક બેઠક પ્રેરણા વિધાલય ખાતે સંસ્થાના મંત્રી દામુભાઈ પટેલના આમંત્રણથી તેમના યજમાનપદે યોજાતા તેમણે સહુનું ઉષ્માભર્યું સ્વાગત અને સ્નેહસભર સરભરા કરી હતી.

આ બેઠકમાં જમીન બૅંકના ચેરમેન કનુભાઈ પટેલ,ખેડબ્રહ્મા એપીએમસીના ચેરમેન જશુભાઈ પટેલ,સાબરકાંઠાના સહકારી આગેવાન ચોરીવાડના હરિભાઈ, સા.કાં. જિલ્લા કોંગ્રેસ પૂર્વ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસ પટેલ,ઈડર તાલુકા પંચાયત પ્રમુખ એકતાબેન પટેલ,મોડાસા તાલુકા ખ.વે.સંઘના ચેરમેન અરુણભાઈ પટેલ,એડાઆઠમ ચૌધરી સમાજના મંત્રી રખીયાલના પી.એલ. પટેલ,શિણાવાડના રહીશ અને તાલુકા સંઘના ડિરેક્ટર જેઠાભાઈ પટેલ,ધનસુરા થી અનિલભાઈ પટેલ, રાજેન્દ્રનગરથી એન.ડી.પટેલ અને લક્ષ્મીપુરા રહીશ નિવૃત્ત પોલીસ અધિકારી આર.સી.પટેલ સહિત બંને જિલ્લા ના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં બંધારણ તૈયાર કરવા એક સમિતિની પણ રચના કરાઈ હતી એ સમિતિના સભ્યો આગામી તા.૫મી જાન્યુઆરી, ગુરુવારના રોજ હિંમતનગર જમીન બૅંકમાં બપોરે એક વાગે મળશે.

### મોડાસાના ડુંગરી (સર્વોદયનગર) કાકા હત્યા કેસ મામલે

# ત્રણેય આરોપી સગા ભત્રીજાઓને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લામાં આજે મોડાસા કોર્ટે મોડાસા નજીક ડુંગરી સર્વોદયનગર કાકા હત્યા કેસમાં ત્રણ આરોપી સગા ભત્રીજાઓને આજીવન કેદની સજા ફટકારી હતી. આ ઉપરાંત દરેકને રૂ. ૫ હજારનો દંડ અને દંડ ન ભરે તો વધુ છ માસની સાદા કેદની સજા ફટકારી હતી. આ ઉપરાંત ઈપીકો કલમ ૪૫૦મા આ ત્રણેય આરોપીઓને ૧૦ વર્ષની સાદી કેદની સજા અને રૂ. ૨ હજારનો દંડ અને દંડ ન ભરે તો છ માસની સાદી કેદની સજા ફટકારી હતી.

આજથી અઢી વર્ષ પહેલા ગઈ તા. ૧૪-૬-૨૦૧૪ના રોજ મોડાસા નજીક સર્વોદયનગરના રહીશ મંગીબેન દિનેશભાઈ ખેતાભાઈ સલાટે નોંધાવેલ ફરિયાદ મુજબ સર્વોદયનગર વિસ્તારમાં રહેતા દિનેશભાઈ ખેતાભાઈ સલાટ (ઉં.વ.૪૫)એ પોતાના ઘરે માતાજીના હવનમાં બેઠા હતા ત્યારે રાત્રીના સમય દરમિયાન નવેક વાગ્યાના સુમારે તેમજ પરિવારના આરોપી ભત્રીજાઓ લાલજી નારાયણભાઈ સલાટ, મનોજ નારણભાઈ સલાટ અને રવિ નારણ સલાટ તેઓના ઘરમાં ઘુસી ગયા હતા અને બોલાચાલી થતાં લાલજી નારણે દિનેશના પેટના ભાગે ચપ્પા તથા તલવારના ઘા ઝીંકીને જીવલેણ ઈજાઓ કરતા તેમનું સારવાર દરમિયાન મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું.

### માતા સાથે આડા સંબંધોને લીધે આરોપી ભત્રીજાઓએ ચપ્પુના ઘા ઝીંકીને અઢી વર્ષ પહેલા કાકાનું ઢીમ ઢાળી દીધુ હતુ

આ ઘટનાની વિગત એવી હતી કે મરનાર દિનેશ ખતાભાઈ સલાટ પોતાના મૃતક ભાઈની પત્નિ સાથે પ્રેમ સંબંધ ધરાવતો હતો. આ પ્રેમકથા આગળ વધતા નવેક માસ અગાઉ ઘર છોડીને ભાગી ગયા હતા. પોતાની માતા કાકા સાથે ભાગી ગયાના સમાચાર દીકરાઓને મળતા કાકા પ્રત્યે તેમની આંખ લાલ થઈ ગઈ હતી. તે પછી લાગ જોઈને ત્રણેય ભત્રીજાઓએ કાકાનું ઢીમ ઢાળી દેતા આ અંગે ત્રણેય આરોપી ભત્રીજાઓ વિરૂદ્ધ ઈપીકો કલમ ૩૦૨, ૪૫૦, ૫૦૪ અને ૧૧૪ મુજબ તે સમયે મોડાસા ટાઉન પોલીસ મથકે ગુનો નોંધાતા તે સમયના ટાઉન પી.આઈ. કે.જે. ચૌધરીએ તપાસ પૂર્ણ કરીને ચાર્જશીટ કોર્ટમાં રજુ કરતા મોડાસાની વી.બી. ગોહિલની પ્રિન્સી. ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ કોર્ટ, સખલપુરમાં આ અંગેનો કેસ ચાલી જતાં સરકારી વકીલ બી.આર. પંચાલની ધારદાર રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને લઈ આ ત્રણેય આરોપી ભત્રીજાઓને એક તરફી આજીવન કેદની સજા અને ત્રણેયને રૂ. ૫ હજારનો દંડ અને જો દંડ ન ભરે તો છ માસની સાદી કેદની સજા ફટકારવામાં આવી છે. જ્યારે ઈપીકો કલમ ૪૫૦માં ત્રણેય આરોપીઓને દસ વર્ષની સાદી કેદની અને રૂ. ૨ હજારનો દંડ અને દંડ ન ભરે તો છ માસની સજા ફટકારી હતી.



**શોભાયડા પ્રાથમીક શાળામાં સ્વેટર વિતરણ કરાયુ**

ભિલોડા તાલુકાની શોભાયડા પ્રાથમીક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી બાળકોને સ્વેટરનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે રાજુભાઈ નિનામા, કચરાભાઈ હડુલા, શકરાભાઈ કટારા, શોભાયડા પ્રાથમીક શાળા આચાર્ય મગનભાઈ વણકર, રશ્મીનભાઈ કલાસવા, વિઠ્ઠલભાઈ પટેલ, ધીરેનભાઈ પટેલ સહિત સ્ટાફ પરીવાર, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. શોભાયડા પ્રાથમીક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી બાળકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

### અરવલ્લી-સાબરકાંઠાના દૂધ ઉત્પાદકો આનંદો

# દૂધમાં ભાવવધારો કરવા છતાં સાબરદાણના ભાવમાં કોઈ વધારો કરાયો નથી : ચેરમેન

મોડાસા, તા. ૨૪

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે જીવાદોરી સમાન સાબરડેરીએ દૂધ ઉત્પાદકોના હિતમાં વધુ એકવાર દૂધના ભાવમાં કિલો ફેટે રૂ. ૨૦નો વધારો કરી આગામી તા. ૧-૧-૨૦૧૭થી નવા વધારેલા ભાવે દૂધ ખરીદવા નિર્ણય કરતાં બંને જિલ્લાના દૂધ ઉત્પાદકોમાં આનંદની લાગણી પ્રસરી છે.

આજે સાબરડેરી ખાતે ચેરમેન જેઠાભાઈ પટેલના પ્રમુખસ્થાને નિયામક મંડળના સભ્યોની મળેલી મિટીંગમાં ફરી એકવાર દૂધના ખરીદ ભાવમાં વધારો કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેનો લાભ બંને જિલ્લાની બે હજારથી વધુ દૂધ મંડળીઓ સાથે સંકળાયેલા દૂધ ઉત્પાદકો અને પશુપાલોને મળી રહેશે.

તા. ૧-૧-૨૦૧૭થી દૂધમાં ભાવો જે હાલમાં કિલો ફેટે રૂ. ૬૦૦ ચૂકવવામાં આવી રહ્યા છે તેમાં રૂ. ૨૦નો વધારો કરી કિલો ફેટે રૂ. ૬૨૦ ચૂકવવામાં આવશે તેવી તેમણે દૂધ ઉત્પાદકોના હિતમાં જાહેરાત કરતાં ચેરમેને વધુમાં જણાવ્યું હતું કે દૂધના ખરીદ ભાવમાં વધારો કરવા છતાં સાબરદાણના વેચાણ ભાવમાં કોઈ જ વધારો કરવામાં આવતો નથી. સાબરદાણના કાચા માલના ભાવમાં વધારો થયેલો હોવા છતાં પણ સાબરદાણના વેચાણ ભાવમાં સભાસદોના હિતમાં કોઈ જ વધારો કરવામાં આવેલ નથી જે એક પ્રશંસનીય પગલું હોઈ પશુપાલકોમાં તેની સરાહના થઈ રહી છે.



**મોડાસા કોલેજમાં રક્તદાન કેમ્પ યોજાયો**

અરવલ્લી જિલ્લાના મોડાસામાં આવેલી ધ.મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંકુલમાના કેમ્પસમાં આવેલા ભામાશા હોલ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો હતો. કોલેજ કેમ્પસના લો કોલેજ અને કોલેજ કેમ્પસના વિદ્યાર્થી ભાઈ બહેનો અને અધ્યાપકોએ રક્તદાન કેમ્પમાં રક્તદાન કર્યુ હતુ. અમદાવાદની ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ગુજરાત કેન્સર સોસાયટીના સંયુક્ત સાહસ અને ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ટ્રાન્સફ્યુઝન આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા યોજાયેલા ૧૫મા રક્તદાન કેમ્પમાં ૧૦૦થી વધુએ રક્તદાન કરતા આ લોહી રક્ત કેન્સર અને મોટી જીવલેણ બીમારીઓથી પીડાતા ગરીબોને દાન કરવામાં આવતુ હોવાનું જણાવ્યું હતું. આ શિબિરમાં કોલેજના ટ્રસ્ટીઓ અને કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સંતોષ દેવકરે રક્તદાન કરી વિદ્યાર્થીઓને રક્તદાન માટે રાહ ચીંધ્યો હતો.

# મોડાસાના ટીંટોઈમાં કપડા સહિતની બે દુકાનોમાં શોર્ટ સર્કિટથી આગ

મોડાસા તા. ૨૪

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના ટીટોઇ ગામે ગત મધ્યરાત્રીએ કોઠારી હાઈસ્કૂલ આગળ આવેલ કાપડ વિક્રેતાની દુકાનમાં એકાએક આગ ભભૂકી ઉઠતા જોતજોતામાં સળંગ બે દુકાનોની જગ્યામાં સ્ટોર કરેલા નવાનકોર કાપડના તાકાના તાકા અને બેઉ દુકાનો પણ બળીને ભસ્મીભૂત થઈ ગઈ હતી. આગની જાણ થતાં જ સ્થાનિકોએ પાણીનો મારો ચલાવ્યો હતો છતાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં મોડાસાથી આવેલ ફાયર ફાઈટરની બે કલાકની જહેમત પછી આગ સવારે સાત વાગે કાબુમાં આવી હતી.

મૂળ નજીકના નાદિસણ ગામના રહીશ કેતનભાઈ પંચાલની ટીટોઈમાં પી.એમ. કોઠારી હાઈસ્કૂલની બહાર દરવાજા પાસે કાપડની દુકાનમાં ગત રાત્રે શોર્ટ સર્કિટને કારણે ઓચિંતી આગ ભભૂકી ઉઠી હતી. અંબિકા સિલેક્શન નામની કાપડની આ દુકાનમાં આગ ફાટી નિકળતાં નજીકના રહીશોને જાણ થતાં જ તેમણે બુમાબુમ કરીને બીજા લોકોને જગાડીને પાણીનો મારો ચલાવ્યો હતો. દરમિયાન દુકાન ધારક કેતનભાઈ પણ દોડી આવ્યા હતા અને તેમણે ફાયરબ્રિગ્રેડ બોલાવવા ફોન કરતા ફોન સ્વીચ ઓફ આવતા આખરે ૧૦૮ ઈમર્જન્સી મારફતે ફાયરને જાણ કરતા મોડાસાથી ફાયરફાઈટર ખૂબ મોડે મોડે આવ્યું ત્યારે બધું જ ભસ્મીભૂત થઈ ગયું હતું.

લપકારા મારતી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું તેથી ફાયર ફાઈટરની ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ કાબુમાં આવતા આસપાસના લોકોએ રાહતના શ્વાસ લીધા હતા. આગ કાબુમાં લેતા સવારના સાત વાગી ગયા હતા.

આગથી થયેલ નુકસાનનો અંદાજ મેળવતા ૨૦ લાખનું કાપડ, ચાર લાખનું ફર્નિચર અને દુકાન મળીને રૂ.૨૭ લાખનું નુકસાન તબતા આ અંગે દુકાન માલિકે મોડાસા રૂરલ પીઆઈએસ મથકે જાણવા જોગ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી.

# અરવલ્લી જિલ્લા પ્રાથમિક સંઘનો ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષકોની ઉગ્ર રજૂઆત

### સર્વ શિક્ષા અભિયાન હેઠળ સીઆરસી, બીઆરસી અને યુઆરસી કો. ઓર્ડિનેટરની જગ્યાની પ્રતિનિયુક્તિમાં ગણિત-વિજ્ઞાનના ઉચ્ચત્તર પ્રા. શિક્ષકોને અન્યાસ થતા આવેદનપત્ર અપાયું

મોડાસા, તા. ૨૪

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ સર્વ શિક્ષા અભિયાન સ્ટેટ પ્રોજેક્ટ ઑફિસ ગાંધીનગર દ્વારા રાજયમાં બીઆરસી, સીઆરસી અને યુઆરસી કો. ઓર્ડીનેટરની ખાલી પડેલ જગ્યાઓ માટે ઓનલાઈન પદ્ધતિથી પ્રતિ નિયુક્તિ માટેની ધરવામાં આવેલી કામગીરીમાં માત્ર ને માત્ર ગણિત-વિજ્ઞાનના ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોને સામેલ કરવામાં ન આવતા ગુજરાત રાજયમાં ફરજ બજાવતા ગણિત-વિજ્ઞાના ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોને અન્યાય થતા ઉગ્ર રોષની લાગણી ફેલાઈ હતી. શનિવારે અરવલ્લી જિલ્લાના ગણિત-વિજ્ઞાનના ઉચ્ચ પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકોને અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘને ઉગ્ર રજૂઆત કરી ન્યાય આપવા માટે આવેદન આપ્યું હતું.

અરવલ્લી જિલ્લા ઉચ્ચ પ્રાથમિક જૂથના ફરજ બજાવટા શિક્ષકોએ તાજેતરમાં ૧૬.૧૨.૨૦૧૬ થી ૨૩.૧૨.૨૦૧૬ દરમિયાન સર્વ શિક્ષા અભિયાન દ્વારા () વેબસાઈટ પર ઓનલાઈન અરજી દ્વારા બીઆરસી, યુઆરસી અને સીઆરસી કો. ઓર્ડિનેટરની જગ્યા પ્રતિનિયુક્તિની ભરતી પ્રક્રિયામાં ભાષા અને સામાજિક વિજ્ઞાનના તેમજ પીટીસી-ગ્રેજ્યુએટ તેમજ અન્ય લાયકાત ધરાવતા શિક્ષકોને સમાવેશ કરવામાં આવેલ છે. માત્ર ને માત્ર ગણિત-વિજ્ઞાનના ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોનો આ કો-ઓર્ડિનેટરની પ્રતિનિયુક્તિ માટે યોગ્ય લાયકાત ન ગણાવી અન્યાય કરાતા સમગ્ર રાજયના ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષકમાં શિક્ષક બજાવતા ગણિત-વિજ્ઞાનના શિક્ષકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક જૂથ દ્વારા શનિવારે અરવલ્લી જિલ્લા પ્રાથમિક સંઘના પ્રમુખને આવેદનપત્ર આપી 'આવો અન્યાય અમારી સાથે જ કેમ' અને ગણિત-વિજ્ઞાનના શિક્ષકો બીઆરસી, સીઆરસી અને યુઆરસી કો - ઓર્ડિનેટરની જગ્યા માટે લાયક નથી? તેમ ઉગ્ર સ્વરૂપે જણાવી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુક હસમુખ પટેલને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.



અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ હસમુખ પટેલ દ્વારા રજૂઆત કરવામાં આવેલા શિક્ષકોને યોગ્ય ન્યાય અપાવવા બાંહેધરી આપવામાં આવી હતી.

# ગણપત યુનિવર્સિટીના આંગણે ગણિત મંડળના અધિવેશનનો દબદબાભેર પ્રારંભ થયો

### ગણિતજ્ઞ પી.સી. વૈદ્યે સાહેબના નામે જરૂર કંઈક કરીશું : શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગણપત યુનિવર્સિટીની એક અંગભૂત કૉલેજ 'મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સીસ' અને ગણિત મંડળના સંયુકત ઉપક્રમે યોજાયેલ 'ગુજરાત ગણિત મંડળના ૫૩માં અધિવેશનનો ગઈકાલે ગણપત વિદ્યાનગરનાં આંગણે પ્રારંભ થયો હતો.'

ગુજરાત ગણિત મંડળના ૫૦૦ થી વધુ સભ્યો અને અન્ય ગણિત રસિયાઓ સહિત ૭૦૦ જેટલાં શિક્ષકો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સંશોધકોની વિશાળ હાજરી સાથે આરંભાયેલા આ ત્રણ દિવસના અધિવેશનમાં મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહેલા ગુજરાત રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ એમના પ્રવચનમાં ગણપત યુનિવર્સિટીના સ્થાપક અનિલભાઈ પટેલ તેમજ દાતા-અધિષ્ઠાતા ગણપતભાઈ પટેલની યુનિવર્સિટી અને શિક્ષણ માટેની સમર્પણની પ્રતિબદ્ધતાની સરાહના કરતા આ આયોજનને બિરદાવ્યું હતું. અને ગણિતનો જીવનના ઉત્કર્ષમાં રહેલા મહત્ત્વનો મહિમા કર્યો હતો. એમને ગણિત મંડળના સ્થાપક તેમજ સુખ્યાત ગણિતજ્ઞ પ્રો. પી.સી. વૈદ્ય સાહેબનું ભાવપૂર્વક સ્મરણ કરતા કહ્યું હતું કે એમનું કાયમી સ્મરણ કરે એવું કશુંક જરૂર આપણે કરીએ અને એ માટે ગુજરાત ગણિત મંડળ વિગતવાર દરખાસ્ત મૂકે એને રાજય સરકાર આવકારશે.

ગણિત અધિવેશનના આ ઉદ્ઘાટન સમારોહમાં સુખ્યાત ખગોળશાસ્ત્રી, ડૉ. પંકજ જોશીએ 'એ.આર. રાવ રિસર્ચ એવોર્ડ' અને ગણિતજ્ઞ શાબીર અહેમદ તેલવાલાને, 'એ.આર. રાવ ભૂમિતિ પુરસ્કાર' પણ અનુક્રમે ગણપતભાઈ પટેલ અને અનિલભાઈ પટેલના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

પ્રૉ. ડો. પંકડ જોશીએ 'ખરતા તારા' ઉપર ખૂબ ઊંડું સંશોધન કર્યુ છે. જેનો જગતભરના ખગોળશાસ્ત્રીઓએ સરાહના સાથે સ્વીકાર કર્યો છે, આ અંગેના એક પુસ્તકનું પ્રકાશન વિશ્વ વિખ્યાત પ્રકાશન સંસ્થા 'ઓક્સફોર્ડ' દ્વારા થયું છે. જે એક સન્માનીય ઘટના ગણાય છે. ગણિતજ્ઞ શબીર અહેમદ તેલવાલાનું ભૂમિતિના ક્ષેત્રે નોંધફાત્ર પ્રદાન છે. જેની પણ નિષ્ણાતો દ્વારા ભારે પ્રશંસા થઈ છે.



# જે બી શાહ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું

મોડાસા, તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૮ નવેમ્બરે જે નોટબંધીની જાહેરાત કરવામાં આવી ત્યાર બાદ દેશભરમાં કેશલેશ વ્યવહારો અને ઓનલાઈન વ્યવહારોની બોલબાલા વધી ગઈ હતી. અને આ ઓનલાઈન વ્યવહારો કઈ રીતે કરવા તે માટે અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં આવેલી જે બી શાહ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

એક તરફ નોટબંધીને આવકારવામાં આવી રહી છે. અને ભારતના ઉજવવળ ભવિષ્ય માટે આ પગલું ભરવામાં આવ્યું છે પરંતુ ભારતના નાગરીકો જયાં સુધી નોટબંધી માટે સજાગ નહી થાય. ત્યાં સુધી વડાપ્રધાનનું કેશલેશ ભારતનું સપનું અધુરું છે.

ભારતના મોટા ભાગના લોકો નાણાંકીય વ્યવહારોનું ટ્રાન્જેકશન ઓનલાઈન અને કેશલેશ કઈ રીતે કરવું તે માટે પુરતા માહિતગાર નથી. સામાન્ય નાગરીકો ટેકનોલોજીથી સજાગ થાય તે માટે મોડાસા શહેરમાં રેલી યોજવામાં આવી હતી અને નાણાંકીય વ્યવહારોનું ટ્રાન્જેકશન ઓનલાઈન અને કેશલેશ કઈ રીતે કરવું તે અંગે લોકોનો માહિતગાર કરવામાં આવ્યા હતા. આ રેલીને મોડાસાના નાગરિકો દ્વારા આવકારવામાં આવી હતી.